GJSN030018432024

Presented on : 11-12-2024
Registered on : 11-12-2024
Decided on : 24-03-2026
Duration : 1 years, 3 months, 13 days

**મહે. એડિશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–લીંબડી.**

**રે.દિ.કેસ નં. ૩૭૯/૨૦૨૪**
**આંક:– ૩૭**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની,
રજિ.હેટ ઓફિસ, રાજકોટ, બ્રાન્ચ ઓફિસ લીંબડી ગ્રામ્ય
તા. લીંબડી જિ. સુરેન્દ્રનગર ... વાદી

**વિરુધ્ધ**

રૂદાતલા પોપટભાઈ કાનજીભાઈ
રહે–ઘાઘોસર તા. લીંબડી ..... પ્રતિવાદી

**બાબત:– <u>દાવો રૂા. ૧,૫૮,૨૫૬/– પૈસા વસુલ મેળવવા.</u>**

---

વાદી તરફે વકીલ શ્રી :– એચ. એન. રાવલ
સામાવાળા તરફે :– એન.એમ.ઝંડાડીયા

---

**–: ચુકાદો :–**

---

**(૧)** વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી કંપનીની મુખ્ય કચેરી રાજકોટ તથા પેટા ઓફિસ લીંબડી મુકામે આવેલ છે. વાદી કં પની ઈન્ડિયન ઈલેકટ્રીક સીટી એકટ તથા ઈલેકટ્રીક સીટી સપ્લાયર્સ એકટ મુજબ સ્ટેટયુટરી વિજ કંપની લાયસન્સી છે અને પી.જી.વી.સી.એલ. વિજ કંપની ના

નામે લાયસન્સી છે જે વિજળી વાપરનારા ગ્રાહકોને ધારા ધોરણ મુજબ કાયદા અને કરાર મુજબ તથા પી.જી.વી.સી.એલ.ના ધારા ધોરણ અને નિતિ નિયમોને આધિન વિજ પુરવઠો પુરો પાડે છે. પ્રતિવાદી વાદી કંપનીના રજીસ્ટરે ગ્ર ાહક નં. ૨૫૨૧૪/૦૫૦૭૮/૦ થી ગ્રાહક તરીકે નોંધાયેલ છે. વાદી કંપનીના ચેકીંગ અધિકારીઓએ તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ ચેકીંગ કરતા પ્રતિવાદીએ ચેકી ગશીટની વિગતે મીટર બાયપાસ કરી પ્રતિવાદીના ઘેર વીજચેકીંગ હાથ ધરતા સદર ગ્રાહક રહેણાંક વિજ કનેક્શન ધરાવે છે. તેમ છતા ગ્રાહક બીજી વધારાનો સર્વીસ વાયર આશરે ૫ મીટરનો ઉપયોગ કરી હુક દ્વારા ઘર પાસે આવેલ એલ.ટી.પોલ ઉપરથી પી.એન.લાઈન લઈને વીજ પુરવઠો એનજી મીટરને બાયપાસ કરી અને વીજ વપરાશ મીટરમા નોંધાતો રોકી શકાય તેવી વ્યવસ્થા રાખીને પાવરચોરી કરેલ હોય સ્થળ ઉપર ચેકીંગશીટની વિગતે ૬૯૬૫ વોટ લોડ વાપરતા પકડાયેલ હોય જેથી વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને બીલ મોકલાવેલ તેમ છતાં પ્ર તિવાદીએ વાદી કંપનીની પાવરચોરીની રકમ ભરપાઈ કરેલ નહી જેથી તે રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીને લીગલ નોટીસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને બજી ગયેલ છે. આમ બન્ને પાવરચોરીના પ્રતિવાદી પાસે વાદી કંપનીની બીલની રકમ રૂા. ૧,૪૦,૮૮૫.૦૦ તથા ડી.પી.સી.ના રૂા. ૧૭,૩૭૧.૦૧ પૈસા મળી કુલ રૂા. ૧,૫૮,૨૫૬.૦૧ પૈસા બાકી લ્હેણા નીકળે છે. જેથી વાદી બોર્ડના નિયમ મુજબ ૧૬ % ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને નોટીસ કરવામા આવેલ જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજી જતા પ્રતિવાદી તેઓના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી દાવાનો જવાબ રજુ કરવા મુદત માંગેલ ત્યારબાદ મુદત તારીખે પ્રતિવાદી તરફે આંક– ૧૦ થી દાવાનો જવાબ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ વાદીના દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વાદી કંપનીના અધિકારીઓ ચેકીંગ કરવા આવેલ નથી તેમજ પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ નથી કે બીજી વધારાનો સર્વીસ વાયર આશરે ૫ મીટરનો ઉપયોગ કરી હુક દ્વારા ઘર પાસે આવેલ

એલ.ટી.પોલ ઉપરથી પી.એન.લાઈન લઈને વીજ પુરવઠો એનજી મીટરને બાયપાસ કરી અને વીજ વપરાશ મીટરમા નોંધાતો રોકી શકાય તેવી વ્યવસ્થા કરેલ નથી.આમ,મીટરને બાયપાસ કરી મીટરમા નોંધાતો વિજ વપરાશ ગ્રાહક પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યારે ચાલુ બંધ કરી શકે તેવી વ્યવસ્થા કરી પાવર ચોરી કરેલ હોવાની હકીકત ખરી નહિ હોવાનુ જણાવી અને પોતે વાદી કંપનીના ગ્રાહક હોવાનુ જણાવે છે અને પોતે કોઈ વીજ ચોરી કરેલ ન હોય તેમ છતા વાદી કંપનીના અધિકારીઓએ મનઘડત રીતે અરજી કરી દાવો કરેલ હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ આંક–૦૮ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

<u>:: મુદ્દાઓ ::</u>

(1) Whether the plaintiff proves that the plaintiff has incurred loss or damage due to non-payment of electricity bill by the defendants who are their consumers ?

(2) Whether the plaintiff proves that he is entitled to recover the suit amount from the defendant with interest as alleged ?

(3) What Order and Decree?

(૪) ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧ હકારાત્મક

૨ હકારાત્મક

૩ આખરી હુકમ મુજબ.

(૫) આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૧૨ | વાદી સંસ્થા ના અધિકારી હિતેષકુમાર મુળજીભાઈ સુતરીયાનું સોગંદનામુ. |
| ૨. | ૩૧ | વાદી સંસ્થા ના અધિકારી મુસ્તુકા આદમભાઈ વાંટીયાનું સોગંદનામુ |

## દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૧૪ | પ્રતિવાદીએ વીજ કનેક્શનની માંગણી કરતી અરજી તથા તેની સાથે રજુ રાખેલ સાધનીક કાગળો કુલ પાના–૧૪ |
| ૨. | ૧૫ | એબસ્ટ્રેક સર્ટીફીકેટ સાથે |
| ૩. | ૧૬ | ચેકીગ શીટ |
| ૪. | ૧૭ | ફોટોગ્રાફ્સ |
| ૫. | ૧૮ | પીરીયડ ઓફ એસેસમેન્ટ |
| ૬. | ૧૯ | કામ ચાલઉ આકારણીબીલ |
| ૭. | ૨૦ | ૧૨૬ મુજબનુ લાઈટબીલ |
| ૮. | ૨૧ | કન્ઝયુમર કન્જમશન ની ડીટેઈલ |
| ૯. | ૨૨ | ગેટપાસ |
| ૧૦. | ૨૩ | વીજ જોડાણ કરી કરવાનો પત્ર |
| ૧૧. | ૨૪ | લીગલ નોટીસ |

| | | |
|---|---|---|
| ૧૨. | ૨૫ | નોટીસની એકનોલોજમેન્ટ સ્લીપ |
| ૧૩. | ૨૬ | સાઈટ વેરીફીકેશન |
| ૧૪. | ૨૭ | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ |
| ૧૫. | ૨૮ | પ્રફોર્મા–૧૨ |
| ૧૬. | ૨૯ | આર્ટીકલ ૧૩ ની વિગત તથા ગુજરાત સપ્લાય કોડ ડી.પી.સી.ના કામે |

આ કામે વાદી તરફે ઉપરોકત મુજબના પુરાવા રજુ થયા બાદ વાદી તરફે આંક– ૩૨ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામ પ્રતિવાદીના પુરાવા માટે રાખવામાં આવેલ છે. જે અન્વયે પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૩૫ | પ્રતિવાદી રૂદાતલા પોપટભાઈ કાનજીભાઈ નું સરતપાસનુ સોગંદનામુ. |

આ કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ આ કામના પ્રતિવાદી તરફે ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ આંક– ૩૬ થી કલોઝિંગ પુરસીસ રજુ કરતાં પ્રતિવાદીનો પુરાવાનો સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

## // **કા ર ણો** //

**મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા :–**

(૭) હાલના કામે સૌપ્રથમ દાખલ કરવામાં આવેલ દાવા અનુસંધાને

નિર્વિવાદીત હકિકતો ધ્યાને લેવામાં આવેતો તે નીચે મુજબ છે:

- આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે.
- તા.૧૯/૧૦/૨૦૨૩ નારોજ પ્રતિવાદીના ઘરે ચેકિંગ કરતા પ્રતિવાદી મંજુર વિજ વપરાશ કરતા વધારાનો વિજ વપરાશ કરતા પકડાઇ આવેલા.
- જે અનુસંધાને ચેકિંગ સમયે પ્રતિવાદી તેમના વિજ મીટરમાં નોંધ ન થાય તે રીતે ઘરની પાસેના વિજ પોલમાંથી લંગર મારફતે સીધો વિજવપરાશ તેમના ઘરે કરતા હોવાનુ માલુમ પડેલ
- તે બાબતે વાદી કંપની દ્વારા તેનુ રોજકામ કરી, ચેકિંગ શીટ બનાવી પ્રતિવાદીને ડી.પી.સી સાથેનુ વિજ બીલ ચુકતે કરવા માટે આપવામાં આવેલ.
- વાદી કંપની દ્વારા પુરવણી બિલની રકમ ચુકવવા માટે પ્રતિવાદીને નોટીસ આપેલ. જે નોટીસ તેઓને બજી ગયેલ હોવા છતા તેમના દ્વારા તે બિલની રકમ ભરપાઈ કરેલ નથી.
- પ્રતિવાદી દ્વારા વાદી કંપની દ્વારા કરવામાં આવેલ ચેકિંગની કાર્યવાહી અને વિજ બિલ પ્રતિવાદી દ્વારા કોઈ પણ કચેરીમાં પડકારવામાં આવેલ નથી.

(૮) આ કામે વાદી તરફે આંક–૧૨ થી હિતેશકુમાર મુળજીભાઈ સુતરીયા તથા આંક–૩૧ થી મુસ્તફા આદમભાઈ વાંટીયા નાઓ કે જેઓ કંપનીના અધિકારી તથા કર્મચારીઓને તપાસેલ છે જેઓ દાવા અરજી મુજબની હકીકતને સમર્થનકારી પુરાવો જણાવે છે અને તેમના પુરાવામાં આંક–૧૪ થી ૨૯ વાળા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જે દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા દાવાને સમર્થન કરતો જણાય આવે છે જે સાહેદોની બચાવપક્ષ દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદીના ઘરે વીજ ચેકીંગ માટે ગયેલ

હોવાનુ જણાવેલ છે તેમજ પ્રતિવાદીના ઘરેથી વીજ ચોરી માટેનો વાયર પણ કબજે કરેલ હોવાનુ કબુલ કરેલ છે. વધુમાં હાલના કામે આંક ૩૧થી તપાસેલ વાદી સાહેદની જુબાનીમાં પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા સવાલ કરતા તેમના દ્વારા જે દિવસે પ્રતિવાદીના ઘરે ચેકિંગ કરવામાં આવેલ તે દિવસે અન્ય જગ્યાએ પણ ચેકિંગ કરવામાં આવેલ હોવાનુ તથા પ્રતિવાદીના વિજચોરી કરતા હોવાની બાતમી મળેલ નહિ પરંતુ ગામમાં ચેકિંગ કરવા બાબતે સુચના આપવામાં આવેલ. જે સુચના મુજબ ચેકિંગ કરતા પ્રતિવાદીના ઘરે ચેકિંગ કરવામાં આવેલ. સદર જવાબ પરથી વાદ પક્ષે તે હકિકત સફળતાપુર્વક પુરવાર કરેલ છે કે પ્રતિવાદીના ઘરે જે ચેકિંગ હાથ ધરવામાં આવેલ તે કોઈપણ પ્રકારના દ્વેષ વગર નિક્ષપણે અને સ્વતંત્રતા રીતે કરવામાં આવેલ. વધુમાં પ્રતિવાદી પક્ષે આંક ૧૨થી તપાસેલ વાદીની ઉલટ તપાસ દરમ્યાન તે હકિકત સામેથી કબુલ રાખેલ છેકે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને તેમના દ્વારા આંક ૧૪ના દસ્તાવેજો જે રજુ કરેલા છે તે પ્રતિવાદી દ્વારા વિજ જોડાણ સમયે આપવામાં આવેલા. જેના પરથી આંક ૧૪થી રજુ કરેલા દસ્તાવેજોની હકિકતો પુરવાર થય છે. જ્યારે આંક ૧૪થી રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતા તે અરજી પ્રતિવાદી દ્વારા વાદી કંપનીમાં વિજજોડાણ માટે ઘર વપરાશ માટે લિધેલ હોવાનુ, તથા તે જોડાણ પ્રતિવાદીએ તેમની માલિકીના રહેણાકના મકાનમાં લેવામાં આવેલ, તથા જે મકાન મુ. ઘાઘોસર, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગરનુ ચાલી આવેલ જે જગ્યાએ દાવા અરજીમાં જણાવ્યા મુજબ રેઈડ કરવામાં આવેલ. જ્યારે વાદી પક્ષે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓમાં પણ સદર પ્રતિવાદીના માલિકીના મકાનમાં રેઈડ કરેલ હોવાની હકિકત જાહેર કરેલ છે. તેવા સંજોગોમાં રેઈડ સમયે પ્રતિવાદીની હાજરી ન હોવાનુ, કે ચેકિંગ શીટમાં પ્રતિવાદીની સહિ ન હોવાનુ કે રેઈડ વાળી જગ્યાની માલિકીના પુરાવાઓ રજુ કરેલ ન હોવાની હકિકત માત્રથી પ્રતિવાદીને તેનો

લાભ મળી શકે નહિ. તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

વધુમાં હાલના કામે રજુ કરવામાં આવેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન બાબતે ચર્ચા કરવામાં આવેતો અત્રેની અદાલતને નામદાર ગુજરાત હાઈકોર્ટના ***Gajendrasinh P.Zala Versus Paschim Gujarat Vij Company Ltd*** [1]ના ચુકાદામા નીચે મુજબ ઠરાવેલ છે.

> *22.1 Once the witness has deposed with regards to executing of certain documents and the contents therein, it is for the other side to put him to cross-examination to disprove or create doubt with regards to what he has stated in his evidence-in-chief. We do not nd any such exercise being undertaken when this witness has been cross-examined, and therefore, in the opinion of the Court, on the strength of Exhibits 82, 83 and deposition of the witness who has authored Exhibit 82 and 83 being examined at Exhibit 93, the connection of the appellant with the premises where the electricity was being illegally consumed is established.*
>
> *22.2 In view of the findings given by the Trial Court in this regards so also as the finding recorded by this Court on the basis of the documents, the Court is of the view that no interference is required insofar as the nexus of the appellant with the premises where electricity was being illegally consumed is required to be interfered with.*
>
> *23 In this connection, the Court may refer to and rely upon the decision of the Apex Court in case of Punjab State Electricity Board and Anr. Vs. Ashwani Kumar reported in 2010 7 SCC 569, wherein the Apex Court has held that the reports prepared by the officers of the Electricity Board and which is done in the discharge of their duties are required to be treated as cogent material on record to arrive at any findings. The Court may reproduce relevant para which would read as under:*
>
> *21. The inspection report is a document prepared in exercise of its official duties by the officers of the Corporation. Once an act is done*

[1] 2026 (1) GLR 468

*in accordance with law, the presumption is in favour of such act or document and not against the same. Thus, there was specific onus upon the consumer to rebut by leading proper and cogent evidence that the report prepared by the officers was not correct.*

*24 The Court may refer to Section 114 of the Indian Evidence Act, 1872 which permits the Court to presume existence of certain facts which the Court may think likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business. Illustration- e of Section 114 reads that the Court may presume that judicial and official acts have been regularly performed.*

ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત હાલના કેસની હકિકતો સાથે સરખાવાવમાં આવેતો, હાલના કામે વાદિપક્ષે તપાસેલ સાહેદો દ્બારા દાવા હકિકતોને સંપુર્ણ સમર્થન કરતો પુરાવો પ્રસ્તુતત કરેલ છે જેઓ રેઈડ સમયે હાજર હતા અને જેમના દ્બારા તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમના દ્બારા વાદીપક્ષે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાઓને પુરવાર કરેલ છે. જ્યારે બીજી તરફ વાદીના વિ.વ.શ્રી દ્બારા પ્રતિવાદીની ઉલટ તપાસ દરમ્યાન તે હકિકત સફળતા પુર્વક રેકોર્ડ પર લાવેલ છેકે, દાવામાં જણાવ્યા મુજબ પ્રતિવાદીના માલિકીના ઘરમાં રેઈડ કરવામાં આવેલ, જે રેઈડ દરમ્યના તૈયાર કરવામાં આવેલ તમામ દસ્તાવેજોને તેમજ પુરવણી બિલને પડકારવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદીને વાદી કંપની દ્બારા પુરવણી બિલ મુજબની રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપેલ હોવા છતા તેમના દ્બારા બિલની રકમ ભરપાઈ કરેલ ન હોઈ તેવા સંજોગોમાં વાદીપક્ષે રજુ કરેલા દસ્તાવેજો બાબતે કમલ ૧૧૪ મુજબનુ અનુમાન કરવાનુ રહે છે.

(૯) વધુમાં આ કામે પ્રતિવાદી એ આંક– ૩૫ થી પુરાવાનુ સોગંદનામું રજુ કરેલ છે જેમાં પોતાના જવાબ મુજબની હકીકતો જણાવી પોતે વીજ ચોરી કરેલ નહી હોવાનુ અને તેમને વીજ ચોરી અંગે કોઈ જાણ નહી હોવાનુ જણાવેલ છે.

જ્યારે વાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં નીચે મુજબની હકિકતો કબુલ રાખેલ છે.

> *"એ વાત ખરી છે કે, હુ જન્મથી જ ઘાઘોસર ગામે રહુ છુ. હુ આશરે પંદર વર્ષ કરતાં વઘુ સમયથી વીજોજોડાણ ધરાવુ છુ. એ વાત ખરી છે કે, વાદી કંપની પાસેથી વીજ જોડાણ લેતાં સમયે જરૂરી દસ્તાવેજો જમાં કરાવેલા. મને આંક-૧૪ વાળી અરજી તથા તેની સાથેનું આઘારકાર્ડ, ચુંટણી કાર્ડ, રેશન કાર્ડ, વીજબીલ તથા મારા મકાનની પંચાયતની વેરા પાવતી વી. દસ્તાવેજો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, એ વાત ખરી છે કે, તે મારા દસ્તાવેજો છે.*
>
> *એ વાત ખરી છે કે, તા.૧૯/૩/૨૩ ના રોજ વાદી કંપનીના કર્મચારીઓ ચેકીંગ માટે આવેલા. એ વાત ખરી છે કે, તે સમયે મારા ઘરમાં લગાવેલ મીટર તથા જોળો (વીજપોલમાંથી ડાયરેકટ કનેકશનવાળો વાયર) લઈ ગયેલા. હવે જણાવુ છુ કે, તે કનેકશન મારુ ન હતુ. ચેકીંગ કર્યા બાદ વાદી કંપની દ્વારા રૂા.૧,૫૯,૦૦૦/- નું બીલ આપવામાં આવેલુ.*
>
> *એ વાત ખરી છે કે, મારા ઉપર ગેરકાયદેસરના વીજજોડાણ બાબતે પોલીસ ફરિયાદ થયેલ છે. એ વાત ખરી છે કે, ''મારા ઘરમાં ખોટુ વીજ જોડાણ કરેલ ન હોવાનુ અને મારા ઘર ઉપરથી બીજા વ્યકિતને ત્યાં ગેરકાયદેસર જોડાણ કરેલ હોવા બાબતે'' મારા જવાબમાં કોઈ હકીકત લખાવેલ નથી."*

એ વાત ખરી છે કે, આજરોજ મને આંક-૨૫ વાળી પોસ્ટની સ્લીપ બતાવવમાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. હુ ભણેલ ન હોય નોટીસમાં શું લખેલ તેની મને ખબર નથી. મે નોટીસ વાંચેલ નથી કે તેમાં શુ લખેલ તેની વાત મારા છોકરાએ મને કરેલ નથી.

આમ, ઉપરોકત જણાવેલ તમામ હકિકતો પ્રતિવાદીએ કબુલ રાખેલ હોઈ વાદીએ તેનાથી વિશેષ પુરાવો પ્રસ્તુત કરવાની કોઈ આવશ્યકતા નથી. તેવા સંજોગોમાં વાદીએ તેમનો દાવો પુરવાર કરેલ હોવાનુ માનવાને

કારણ છે.

(૧૦) જ્યારે હાલના કામે વાદી કંપની દ્વારા પ્રતિવાદી વિરૂધ્ધ ધી ઈલેટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૨૬ મુજબનો દાવો દાખલ કરેલ છે. જે અનુસંધાને અત્રેની અદાલતને વિવિધ ચુકાદાઓ ધ્યાને લેવા અનિવાર્ય જણાય છે. જે નીચે મુજબ છે.

***1) The Executive Engineer & Anr. Versus M/s Sri Seetaram Rice Mill Civil Appeal 8859/2011 dated 20/10/2011***

> *"16. Section 135 of the 2003 Act deals with an offence of theft of electricity and the penalty that can be imposed for such theft. This squarely falls within the dimensions of Criminal Jurisprudence and mens rea is one of the relevant factors for finding a case of theft. On the contrary, Section 126 of the 2003 Act does not speak of any criminal intendment and is primarily an action and remedy available under the civil law. It does not have features or elements which are traceable to the criminal concept of mens rea.*
> *****
> *28. The 'unauthorized use of electricity' means the usage of electricity by the means and for the reasons stated in sub- clauses (i) to (v) of clause (b) of Explanation to Section 126 of the 2003 Act. Some of the illustratively stated circumstances of 'unauthorised use' in the section cannot be construed as exhaustive. The 'unauthorized use of electricity' would mean what is stated under that Explanation, as well as such other unauthorized user, which is squarely in violation of the above- mentioned statutory or contractual provisions."*

***2) KERALA STATE ELECTRICITY BOARD & ORS. VERSUS THOMAS JOSEPH ALIAS THOMAS M. J. & ORS. Civil Appeal no. 9252-9253/2022 Decided on 16/12/2022.***

> *"54. The principles of law discernible from the aforesaid may be summarised as under:*
> *(1) The provisions of Section 126, read with Section 127 of the Act 2003*

*become a Code in themselves. It specifically provides the method of computation of the amount that a consumer would be liable to pay for excessive consumption of electricity and for the manner of conducting assessment proceeding. Section 126 of the Act 2003 has been enacted with a purpose to achieve i.e., to put an implied restriction on such unauthorised consumption of electricity.*

*(2) The purpose of Section 126 of the Act 2003 is to provide safeguards to check the misuse of powers by unscrupulous elements. The provisions of Section 126 of the Act 2003 are self-explanatory. They are intended to cover situations, other than, the situations specifically covered under Section 135 of the Act 2003. In such circumstances, the Court should adopt an interpretationwhich should help in attaining the legislative intent.*

*(3) The purpose sought to be achieved with the aid of the provisions of Section 126 of the Act 2003 is to ensure stoppage of misuse/unauthorised use of the electricity as well as to ensure prevention of revenue loss.*

*(4) The overdrawal of electricity is prejudicial to the public at large, as it is likely to throw out of gear the entire supply system, undermining its efficiency, efficacy and even-increasing voltage fluctuations.*

*(5) The expression 'unauthorised use of electricity' means as it appears in Section 126 of the Act 2003. It is an expression of wider connotation and principle construed purposively in contrast to contextual interpretation, while keeping in mind the object and purpose of the Act 2003."*

આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ હાલના કામે વાદી કંપની દ્વારા પ્રતિવાદી કે જેઓ તેમના ગ્રાહક છે તેમના ઘરે કરવામાં આવેલ રેઈડ દરમ્યાન મીટરમાં બાયપાસ કરી ઘરની પાછળના ભાગે આવેલ વિજપોલમાંથી વિજ વપરાશ કરી વાદી કંપનીના કરારનો ભંગ કરી કલમ ૧૨૬માં જણાવ્યા મુજબ ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરતા પકડાયેલ હોય વાદી કંપનીના અધિકારીઓ દ્વારા સંપુર્ણ કામગીરી કલમ ૧૨૬ મુજબની

કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં ગ્રાહક અને કંપનીના કરાર ભંગ આધારે દાવો દાખલ કરેલ હોવાનુ માનવાને કારણ છે. જે અનુસંધાને સદર મંજુર વિજ વપરાશની માર્યાદા કરતા વધુ વિજ વપરાશની નુકશાની વળતરની રકમ બાબતેનો દાવો ચલાવતા સમયે નામદાર સુપ્રિમકોર્ટના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ ૧૨૬ નો ઉદેશ્ય ધ્યાને લેતા હાલના કામે વાદી કંપની દ્ધારા તૈયાર કરેલ કલમ ૧૨૬ મુજબના એસેસમેન્ટ આધારે બિલ મુજબની રકમ ભરવા માટે જવાબદાર હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

**(૧૧)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓએ પ્રતિવાદી વિરૂધ્ધનો તેમનો દાવો પુરવાર કરેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી વાદી કંપની તરફથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરી, દાવા મુજબની દાદ માગવામાં આવેલ છે, જે અનુસંધાને ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાઈ આવે છે કે, વાદી કંપની તરફથી તેમની દાદ મુજબ રૂા. ૧,૫૮,૨૫૬/- ની રકમ પર ૧૮% વ્યાજની માગણી કરેલ પરંતુ આ મુજબનું વ્યાજ વાદી કંપની મેળવવા હકકદાર છે કે કેમ તે અંગે જોઈએ તો વાદી કંપની એક સ્વાયત્ત કંપની છે અને પોતાનો વહીવટ નાણાથી ચાલે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ કોઈપણ જાતના કારણ વગર રોકી રાખેલ છે અને રોકી રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરવામાં આવેલ નથી ત્યારે વાદી કંપની પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે. આથી હાલના મોઘવારીના દર અને વ્યાજના દર ધ્યાનમાં લેતાં અને વાદી કંપની ધ્વારા જે વ્યાજની માગણી કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ ન હોવાથી વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ વાર્ષિક ૬% લેખે વ્યાજ વસુલ અપાવવામાં આવશે તો વ્યાજબી અને ન્યાયી ગણાશે તેથી ઉપરોકત

કરેલ ચર્ચા મુજબ વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી તેમની રકમ રૂા. ૧,૫૮,૨૫૬/- પૈસા ઉપર વાર્ષિક ૬% ટકા લેખે વ્યાજ વસુલ અપાવવાનું ઉચિત જણાતું હોવાથી મુદદા નં ૧ અને ૨ હકારમાં મુદ્દા નં.૩ નો જવાબ પરત્વેનો આખરમાં જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-//હુકમ//-**

૧. વાદીનો દાવો અંશત:મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વીજ બીલની લેણી નીકળતી રકમ રૂા.૧,૫૮,૨૫૬/- પૈસા (અંકે રૂપિયા એક લાખ અઠટાવન હજાર બસ્સો છપ્પન પુરા ) પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે અને જે રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૬% પ્રમાણે વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે.

૩.દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૪.હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૨૪મી, માહે : માર્ચ , સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

મુકામ: લીંબડી.
તારીખ :-૨૪/૦૩/૨૦૨૬

**મોહિત આર.ત્રિવેદી**
અધિક સિવિલ જજ,
લીંબડી.(GJ01575)